# “નેશનલ ફૂડ સિક્યોરિટી મિશન” યોજના અંતર્ગત કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલી ખાતે ખેડૂત શિબીર યોજાઇ

કૃષિ મંત્રાલય, ભારત સરકાર હસ્તક યોજના **“નેશનલ ફૂડ સિક્યોરિટી મિશન** (NFSM)” અંતર્ગત તા: ૧૮-૧૦-૨૦૨૪ ના રોજ ખેતીવાડી વિભાગ, મહેમદાવાદ તથા કૃષિ સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ કૃષિ યુનિવર્સિટી, સણસોલીના સંયુક્ત ઉપક્રમે ફાર્મ ટેકનૉલોજિ ટ્રેનીંગ સેન્ટર, કૃષિ સંશોધન કેન્દ્ર, નેનપુર ખાતે ડૉ. કે. બી. કથીરિયા, માનનીય કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટીના માર્ગદર્શન હેઠળ “ઓઇલ સીડ્સ-ઓઇલ પામ તથા પ્રાકૃતિક કૃષિ” વિષયક ખેડૂત શિબીર યોજાઇ. જેમાં મહેમદાવાદ તાલુકાના વિવિધ ગામોમાંથી ૬૭ ખેડૂતો તથા ૨૩ વિસ્તરણ કાર્યકરો/ગ્રામ સેવકો હાજર રહ્યા હતા.

કાર્યક્રમમાં અતિથિ વિશેષશ્રી અર્જુનસિંહ ચૌહાણ (માનનીય ધારાસભ્યશ્રી, મહેમદાવાદ), ડૉ. એમ. બી. ઝાલા (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, કૃ.સં.કે., સણસોલી), ડૉ. બી. એન. ઠક્કર (મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, કૃ.સં.કે., સણસોલી), શ્રી વિનોદભાઈ ડાભી (પ્રમુખશ્રી, તાલુકા પંચાયત, મહેમદાવાદ), શ્રી. અમિતભાઇ પટેલ (તાલુકા અમલીકરણ અધિકારીશ્રી, મહેમદાવાદ), શ્રી હેમંતભાઈ પટેલ (વિસ્તરણ શિક્ષણ અધિકારીશ્રી, મહેમદાવાદ) હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના, દીપ-પ્રાગ્ટ્ય તથા પધારેલ મહેમાનોને પુષ્પગુચ્છ આપીને કરાઇ હતી. ડૉ. એમ. બી. ઝાલા એ આમંત્રિત મહેમાનો તથા પધારેલ ખેડૂતોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું તથા કેન્દ્ર ખાતે ચાલતી સંશોધન, બીજ ઉત્પાદન, વિસ્તરણ તથા દિવેલાની નવીન જાતો અને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં ભલામણ કરવામાં આવેલ વિવિધ પાકોની જાતો વિષે ખેડૂતોને અવગત કર્યા હતા. માનનીય ધારાસભ્યશ્રી, મહેમદાવાદ એ ખેડૂતોને ક્લાઇમેટ સ્માર્ટ એગ્રીકલ્ચર તકનીકો વિષે સમજવા તથા પ્રાકૃતિક ખેતી અપનાવવા માર્ગદર્શન અને સૂચન કર્યુ હતુ. ડૉ. બી. એન. ઠક્કરએ “કૃષિક્ષેત્રે પડતી મુશ્કેલીઓ તથા તેના નિવારણ માટેના જરૂરી પગલાં” વિશે વ્યાખ્યાન આપ્યું હતું. મહેમદાવાદ તાલુકાના અમલીકરણ અધિકારીશ્રીએ “ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓ તથા તેના વિવિધ ઘટકો” વિષે વિસ્તૃત ચિતાર આપ્યો હતો.

કાર્યક્રમના અંતે શ્રી હેમંતભાઇ પટેલ, વિસ્તરણ અધિકારીશ્રી, મહેમદાવાદ એ આભારવિધી કરી હતી.








